# બાપુને મનાવી લેવાની કવાયતો તેજ : બાપુને દિલ્હી બોલાવ્યા

ગાંધીનગર, તા. ૧૯

સમસંવેદના સંમેલન યોજવાની જાહેરાત પછી કોંગ્રેસની નેતાગીરીએ બાપુને મનાવી લેવાની કવાયત વેગીલી બનાવી છે. આજે બાપુને ખાસ ચર્ચા માટે દિલ્હી પણ બોલાવ્યા હોવાની વાતોને પગલે પાટનગરના રાજકીય પ્રવાહો વધુ ઉત્તેજીત બની જવા પામ્યા છે.

બાપુ હવાઈ માર્ગે ગુરૂવારે દિલ્હી પહોંચશે તેમ જાણવા મળેલ છે. આજે તેઓ ઉત્તર ગુજરાતના રાધનપુર અને વારાહી વિસ્તારના પ્રવાસે હતા. દરમ્યાન સમસંવેદના સંમેલન જે મહાત્મા મંદિરમાં યોજાવાનુ હતુ તેનું સ્થળ બદલવામાં આવ્યું છે અને તે હવે ટાઉનહોલ સામેના મેદાનમાં યોજાશે. આ માટેની તૈયારીઓ પણ આરંભાઈ ચુકી છે.

રાજકીય સૂત્રોનું માનીએ તો ગઈકાલે કોંગ્રેસની કોર કમિટીના તમામ સભ્યો બાપુના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને એક કલાક સુધી વિચાર વિમર્શ ચાલ્યો હતો.

આ પછી આજે સવારથી જ બાપુ ઉત્તર ગજુરાતના પ્રવાસમાં વ્યસ્ત હતા. જોકે તેમને દિલ્હી બોલાવાયા હોવાની વાતો બહાર આવતાં જ કોંગી મોવડીમંડળે તેમને મનાવી લેવાના આખરી પ્રયાસો હાથ ધર્યાની વાતો કોંગી કાર્યકરો છુટથી કરી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે બાપુએ તેમનુ મન સ્પષ્ટ રીતે બનાવી લીધુ છે અને હવે ૨૧મીએ સંમેલનમાં શુ કહે છે તેમના સંદેશામાં તેના પર જ સૌની નજર મંડાયેલી છે.

# સે-૬ માં કોર્પોરેટ લુક ધરાવતા નવા ૫૬૦ આવાસો બનશે

**સે-૬ માં નવા આવાસો બાંધવામાં આવશે : સ્થળ પસંદગી આખરી કરાયા બાદ કામ હાથ ધરાશે : બી અને સી કક્ષાના આવાસો બનશે : સેકટરમાં જોખમી ૭૮ મકાનો તોડી નંખાયા**

ગાંધીનગર તા ૧૯

શહેરમાં સે-૭ માં નવા સરકારી આવસો બાંધવાનુ કામ પુર્ણ કરાયા બાદ હવે સે-૬ માં નવા સરકારી આવાસો બાંધવામાં આવશે. સે-૬ માં બી અને સી કક્ષાના નવા ૫૬૦ મકાનો બાંધવામાં આવશે. જો કે સેકટરમાં હજુ નવા આવસો બાંધવા માટે જગ્યા આખરી થઈ નથી. પરંતુ ટુંકમાં જ સ્થળ પસંદગી કરીને નવા આવાસો બાંધવાનુ કામ પણ શરૂ કરી દેવાશે. આ માટે બજેટમાં ૧૫૦ કરોડના ખર્ચને પણ મંજુરી આપવામાં આવી છે. શહેરના સેકટરોમાં જુના આવાસો ખંડેર હાલતમાં છે. ત્યારે આગામી એક વર્ષમાં ૧૨૮૮ જેટલા નવા આવાસો તૈયાર કરી દેવાશે. આ પૈકી સે-૭ માં ૨૮૦ મકાનો તૈયાર કરી કર્મચારીઓને ફાળવી પણ દેવાયા છે.

શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો દાયકાઓના અંતે ખંડેર હાલતમાં છે. રહેણાંકની દ્રષ્ટીએ જોખમી બનેલા આવાસો તબક્કાવાર તોડી નાંખવાનો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધીમાં અંદાજિત ૩ હજાર જેટલા આવાસોનો કડુસલો બોલાવી દેવાયો છે. હજુ પણ સેકટરોમાં જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે. ત્યારે રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા આવાસોની સંખ્યા ખુબ જ ઓછી છે. આવા સંજોગોમાં આવાસોની ફાળવણીના મામલે પણ માર્ગ મકાન વિભાગે માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે. મોટાભાગના આવાસો રહેણાંકને લાયક રહયા નથી. જયારે વસાહતીઓનો વસવાટ છે તેવા આવાસોમાં પણ રહીશોના માથે સતત ખતરો જળુંબી રહયો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર



રેતી ખનન - વરસાદે વિરામ લીધાને હજુ ચોવીસ કલાકેય થયા નથી ત્યાં રેતી ખનન પ્રવૃત્તિ ધમધોકાર ચાલુ થઈ ગઈ હતી... ગાંધીનગરના પાદરમાં સાબરમતીના પટમાં રેતી ખનન પ્રવૃત્તિ પૂરબહારમાં ચાલે છે... તંત્ર દ્વારા અનેક વખત દરોડા પડાયા, કેસ થયા, કાર્યવાહી થઈ પરંતુ પ્રવૃત્તિ પર અંકુશ નથી આવતો તે નથી જ આવતો... કુદરતની અણમોલ ભેટ પચાવવામાં માનવજાત દિવસે ને દિવસે નિષ્ફળ બનતી જાય છે... વૃક્ષ છેદન, પ્હાડોમાંથી પત્થરો તોડવાની પ્રવૃત્તિ અને નદીના પટ ખોતરવાની પ્રવૃત્તિએ માઝા મુકી છે...

# નગરના સે. ૨૪, ૨૬ અને ૧૬માંથી મચ્છરના વ્યાપક બ્રીડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં સે. ૨૪માં આવેલ સરકારી પોલીટેકનીક કોલેજ તથા સે. ૨૬માં આવેલ આ કોલેજની હોસ્ટેલમાંથી વ્યાપક પ્રમાણમાં બ્રિડીંગ એડીસ મચ્છરોના મળી આવતાં શહેરી મેલેરિયાતંત્ર ચોંકી ઉઠ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૬માં પણ બ્લોક નં. ૯૮ થી ૧૦૭ જે બંધ હાલતમાં છે તેના ધાબાઓ પર સ્વચ્છતાના અભાવે અને નોન યુઝ ટાંકીઓ ખુલ્લી પડી હોવાથી ત્યાં પણ ખુબજ મોટા પ્રમાણમાં એડીસના લારવા મળતાં તંત્રએ આ મુદ્દે આરએન્ડબીમાં જાણ કરી એન્ટી લારવેલની કામગીરી કરી હતી. એક સપ્તાહમાં જ આ બ્લોકોની નોનયુઝ ટાંકીઓ તોડી નાખવાની કડક તાકીદ કરવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

આ ઉપરાંત સેક્ટર-૧૯માં આવેલ જીમખાનામાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરના લારવા મળતાં સત્તાવાહકોનું ધ્યાન દોરી એન્ટી લારવેલની કામગીરી કરવામં આવી છે.

શહેરી મેલેરિયા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્રની ટીમોએ આજે ૫૫૩૫ જેટલા મકાનોની ચકાસણી કરી હતી અને તેના ૧૫ હજારથી વધુ પાત્રો તપાસતાં ૩૦૯ જેટલા સ્થાનો પરથી મચ્છરના બ્રિડીંગ મળવા પામ્યા હતા.

ગાંધીનગર શહેરમાં જે રીતે મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે તેની તંત્રએ અતિ ગંભીર નોંધ લીધી છે

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગરમાં દારુબંધીની જાગૃતિ માટે ૫૦-૫૦ હોર્ડિંગ્સ લગાડવા પડ્યા

**વિદેશી દારુના સ્ટેન્ડ બંધ થયા તો હોમ ડીલીવરી શરુ થઇ : ડીફેન્સનો દારુ ચલણમાં**






ગાંધીનગર, તા.૧૯

ગાંધીના ગુજરાતમાં દારુબંધી માત્ર નામ પુરતી હોવાનું વાતમાં કોઈ બે મત નથી. દારુબંધીનો કાયદો કડક બનાવવામાં આવ્યા બાદ પાટનગર ગાંધીનગરમાં જાહેર રસ્તાઓ પર જનજાગૃતિ માટે વિશેષ હોડહ્લગ્સ લગાડવામાં આવ્યા છે. પાટનનગરમાં કેટલો દારુ પીવાય છે તે જોવુ કે જાણવુ હોય તો શહેરના રસ્તાઓની આસપાસની ખુલ્લી જગ્યાઓ પા પડેલી ખાલી બોટલો તથા પસ્તી-ભંગારનાં ગોડાઉન પર ખડકાયેલી વિદેશી દારુની ખાલી બોટલોનાં ઢગલા જોવો...! અંદાજ આવી જશે કે કેટલો દારુ પીવાતો હશે. જો કે જીલ્લામાં પહેલાની જેમ ખુલ્લેઆમ ધમધમતા દારુનાં સ્ટેન્ડ બંધ કરાવી દેવામાં આવતા બુટલેગરો છાનાછુપા વિશ્વાસુ ડેઈલી કસ્ટમર્સને માલની હોમ ડીલીવરી સર્વીસ આપી રહ્યા છે. તો બીજી તરફ ડીફેન્સનો દારુ ચલણમાં આવતા સે-૧૩, સે-૩૦, સે-૯, સે-૧૨, સે-૧૪ સહિતનાં વિસ્તારોમાં દારુનાં રસીયાઓએ ધોંસ બોલાવી છે.

દારુબંધીનો નવો કાયદો અમલમાં આવી ગયા બાદ રાજ્યનાં પાટનગરમાં જ દારુબંધીની જાગૃતિ માટે ઠેર-ઠેર મોટા-મોટા હોડહ્લગ્સ લગાડવા પડ્યા છે. શહેરમાં દારુનાં સેવનથી થતા નુક્શાન અને નવા કાયદા મુજબ કેટલી સજા અને દંડ થવા પાત્ર છે તેની જાણકારી આપતા ૫૦-૫૦ હોડહ્લગ્સ લગાડવા પડ્યા છે. પાટનગરમાં દારુની બોટલ્સ ઓબ્લીગેશન માટે પણ આપવાનું ચલણ વધ્યુ છે. કોઈ કામ કઢાવવા અથવા સાચવી લેવા માટે પણ બોટલ આપવાનું શરુ થયુ છે. જેને પગલે પાટનગરનાં મુખ્ય માર્ગો પર અને સેક્ટર્સમાં

● અનુસંધાન પાન-૭ પર




**પ્રેરણા અને પુરુષાર્થ ખરા પરિણામ નહી !**

# પંચામૃત ભવનનો પ્રોજેકટ છેલ્લા ૭ વર્ષથી અધ્ધરતાલ

**પંચામૃત ભવન માટે તૈયાર કરાયેલી કાર્યયોજના અન્વયે ૬૧૨ વૃક્ષો અન્યત્ર ખસેડવાની અનિવાર્યતા**

ગાંધીનગર તા ૧૯

પ્રેરણા અને પુરુષાર્થને હજુ પરિણામની મંઝીલ હાંસલ થઈ નથી નગરના છેવાડે પંચામૃત ભવનનુ નિર્માણ કરવાની આખી યોજના છેલ્લા સાત વર્ષથી અધ્ધરતાલ છે. અગાઉ વૃક્ષછેદનની વાત સામે આવતા પ્રકૃતિ પ્રેમીઓએ આક્રોશ વ્યકત કરી આંદોલનની રાહ અપનાવી હતી. જેના અંતે પંચામૃત ભવનનો પ્રોજેકટ ધક્કે ચઢયો હતો. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ પંચામૃત ભવનના નિર્માણ માટે માત્ર ૬૧૨ વૃક્ષો અન્ય ટ્રાન્સપલાન્ટ કરવાની અનિવાર્યતા છે. જયારે વૃક્ષછેદન કરવાની કોઈ અનિવાર્યતા નથી. મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષી માર્ગ મકાન વિભાગ દ્વારા ૩૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. મહાત્મા મંદિર પ્રેરણા, સચિવાલય સંકુલ પુરુષાર્થ અને પંચામૃત ભવન પરિણામ તેવા કન્સેપ્ટને કેન્દ્ર સ્થાને રાખી આ યોજનાને આખરી કરવાનો નિર્ણય લેવાયો હતો. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે પણ પંચામૃતભવન ડ્રીમ પ્રોજેકટ તરીકે ગણાતો હોવાથી પ્રોજેકટને અનુલક્ષી સઘળી તૈયારી કરી દેવાઈ હતી. પરંતુ પ્રોજેકટનુ કામ અટવાતા તંત્રએ હાથ હેઠા મુકી દીધા હતા. જ માર્ગની પુર્વ બાજુએ સાબરમતી નદીના વિસ્તારમાં પંચામૃત ભવનના પ્રોજેકટનુ કામ હાથ ધરવા કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. પંચામૃત ભવન માટે ૪,૪૨,૫૦૦ ચો મી વિસ્તાર જમીનમાં બાંધકામ માટે ૨૧,૦૦૦ ચો મી જગ્યા નિયત કરવામાં આવી છે. જયારે આ પ્રોજેકટ અન્વયે ૪૧૧૬ પૈકી ૬૧૨ વૃક્ષો અન્યત્ર ખસેડવાની કે કાપવાની અનિવાર્યતા હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ છે.

પર્યાવરણને નુકશાન ન થાય તે મુજબ પંચામૃત ભવનનુ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ હોવાનુ પણ વિભાગના અધિકારીઓ જણાંવી રહયા છે. પ્રેરણા અને પુરુષાર્થને પરિણામની દિશા આપવાના ઉમદા આશય સાથે પંચામૃત ભવનના નિર્માણની યોજના છેલ્લા ૭ વર્ષથી માત્ર કાગળ પર જ રહી ગઈ છે. આ મામલે આગળ કોઈ ગતિવિધિ હાથ ધરી શકાઈ નથી.

# ગાંધીનગર અમદાવાદમાં વરસાદમાં વિરામ

ગાંધીનગર,તા. ૧૯

ગાંધીનગર-અમદાવાદમાં ભારે વરસાદ થયાના એક દિવસ બાદ આજે વરસાદમાં બ્રેકની સ્થિતી રહી હતી. જો કે ભારે વરસાદના કારણે હવે ચારે બાજુ ભારે ગંદકી જોવા મળી રહી છે. સાફ સફાઈ પર વધારે ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. શહેરના તમામ વિસ્તારોમાં મુખ્ય રસ્તા પર કાદવ કિચડની સ્થિતી જોવા મળી રહી છે.

સવારથી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ કામ પર લાગેલા છે પરંતુ નીચાણવાળા વિસ્તારોમાં હજુ પાણી ભરાયેલા છે. રોગચાળાની સ્થિતી પહેલાથી જ થયેલી છે ત્યારે રોગચાળો વધારે ગંભીર બની શકે છે. અમદાવાદ શહેરમાં ગઈકાલે ભારે વરસાદ થયો હતો. શહેરના તમામ છ ઝોનમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકતા જનજીવન ઉપર તેની ગંભીર અસરો જોવા મળી હતી.

**જોઈએ છે**

માઈક્રો ફાઈનાન્સ સંસ્થા માટે ડેઈલી સેવિંગ, એફ.ડી., આર.ડી., ફાઈનાન્સ માટે એજન્ટ. આકર્ષક પગાર, કમિશન, બોનસ, પ્રાઈઝ વિગેરે સાથે અનેક લાભ.

સંપર્ક કરો
મો. ૯૯૦૪૭ ૦૫૩૦૧

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com